**<u>સોગંદ આપ્યા.....</u>**

**<u>વાદી જયાબેન ડો.ઓ. મગનભાઈના મુખત્યાર રમેશભાઈ લાલજીભાઈ દેત્રોજાની આંક–૨૭ની સરતપાસ લગત પ્રતિવાદી તર્ફે ઉલટ તપાસ વિ.વ.શ્રી, વી.એમ.જેઠલોજા</u>**

(૧) મેં હાલનો દાવો ૧૨/પૈકી૧૩ની જમીન માટે કરેલ છે.

સવાલ:– દાવાવાળી તકરારી મીલ્કત તમારા નામે રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ નથી ?

જવાબ:– આ મીલ્કત મારા પત્નિ જોશનાબેન મગનભાઈના નામે નોંધાયેલ છે.

એ વાત ખરી છે કે, મારા પત્નિ જોશનાબેનની તબીયત તંદુરસ્ત છે અને તે હલનચલન કરી શકે છે. એ વાત ખરી છે કે, મેં આ સર્વે નંબર ૧૨/પૈકીની જમીન અંગેનો અન્ય દાવો રે.દિ.મું. નંબર ૯૧/૨૦૧૬થી આ કામના પ્રતિવાદીઓ છે તેમની સામે દાખલ કરેલ છે. હાલના દાવાવાળી સર્વે નંબર ૧૨/પૈકી૧૩ની જમીનનું રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ ક્ષેત્રફળ ૧૦ એકર છે. આ દાવાવાળી તકરારી જમીન અમે વેંચાણ દસ્તાવેજથી રાવળ દેવશી ખોડા પાસેથી ખરીદ કરેલ છે. સર્વે નંબર ૧૨વાળી જમીનનો મુળ ખંડ કેટલા ક્ષેત્રફળનો છે તે મને ખબર નથી. મેં દાવાવાળી તકરારી જમીન ખરીદતા પહેલા તેમના મુળ ઉત્તરોતરના માલીકની ખરાઈ કરી દસ્તાવેજો તપાસેલ છે. એ વાત ખરી છે કે, રાવળ દેવશીની હું જે મુળ જમીન કહુ છુ તે જમીન સાંથળીની છે. રાવળ દેવશીને સાંથળીમાં મુળ ૧૦ એકર જમીન મળેલી. એ વાત ખરી છે કે, મેં ૧૦ એકર જમીન એક જ વેંચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ૧૦ એકર જમીનમાંથી ૬ એકર જમીન જોશનાબેનના ખાતે ચડાવેલ અને ૨ એકર જમીન મીનાબેન વલ્લભભાઈના ખાતે ચડાવેલ અને ૨ એકર જમીન પ્રવીણભાઈ જેઠાભાઈના ખાતે ચડાવેલ છે. એ વાત ખરી છે કે, હાલના દાવાના કામે મીનાબેન વલ્લભભાઈ તથા પ્રવીણભાઈ જેઠાભાઈને પ્રતિવાદી તરીકે જોડેલ નથી.

(૨) એ વાત ખરી છે કે, આ કામના પ્રતિવાદીની માલીકીની જમીન પણ સર્વે નંબર ૧૨/પૈકીની જ છે તેવું મેં મારા દાવા અરજીના પેરા ૫ માં દર્શાવેલ છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદીની માલીકીની સર્વે નંબર ૧૨/પૈકીની ચતુર્દીશા અલગ છે તેવું મેં મારા દાવા અરજીના પેરા ૫ માં દર્શાવેલ છે. આ કામના પ્રતિવાદીની માલીકીની જમીન ૧૨/પૈકી ૧ છે અને તેનું ક્ષેત્રફળ ૬ એકર છે અને આ જમીન તેઓએ અજયરાજસિંહ અર્જુનસીંહ પાસેથી ખરીદ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે, સર્વે નંબર ૧૨/પૈકી ૧

વાળી જમીન મારા પિતાએ  અજયરાજસિંહ અર્જુનસીંહને વેંચેલી.
સવાલ:– તમે સર્વે નંબર ૧૨/પૈકી ૧ વાળી જમીનનો દસ્તાવેજ રદ કરવા અંગે રે.દિ.મું. નંબર ૯૧/૨૦૧૬થી આ કોર્ટમાં દાવો દાખલ કરેલ છે ?
જવાબ:– હા. આ જમીન અમારી વડીલોપાર્જીત જમીન છે.

અમારી વડીલોપાર્જીત જમીનમાં  વડીલો એટલે અમારા વડીલ અમરશીભાઈ ગોકળભાઈ છે. અમરશીભાઈ ગોકળભાઈ પાસે જમીન નાગજી અણદા પાસેથી આવેલ. હાલનો દાવો મેં સને ૨૦૧૮નાં વર્ષમાં દાખલ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે, આ દાવામાં મેં આ જ પ્રતિવાદીઓ સામે રે.દિ.મું. નંબર ૯૧/૨૦૧૬નો દાવો વેંચાણ દસ્તાવેજ રદ કરાવવા માટે દાખલ કરેલ હોવાની કોઈ હકીકત દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે, સર્વે નંબર ૧૨/પૈકી ૧ વાળી જમીન પ્રતિવાદીઓએ સને ૨૦૦૧ની સાલમાં  અજયરાજસિંહ અર્જુનસીંહ પાસેથી ખરીદ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સને ૨૦૦૨ની સાલમાં અજયરાજસિંહ અર્જુનસીંહ પાસેથી ખરીદ કરેલ છે. એ વાતની મને ખબર નથી કે, સને ૨૦૦૧ની સાલમાં મારા પિતાજી લાલજીભાઈ અમરશીભાઈએ સર્વે નંબર ૧૨/પૈકી૧વાળી જમીન અજયરાજસિંહ અર્જુનસીંહને દસ્તાવેજથી વેંચાણ આપેલ છે. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૧૨/પૈકી ૧ વાળી જમીન તે મુળ નાગજી અણદાવાળી જમીન છે અને હાલના દાવાવાળી જમીન સર્વે નંબર ૧૨/પૈકી ૧૩ વાળી જમીન તે મુળ રાવળ દેવશીવાળી જમીન છે અને આ બંને જમીનો અલગ છે. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૧૨ની ડી.આઈ.એલ.આર. કચેરીમાં રાવળ દેવશીવાળી જમીનની માપણીશીટ જે આ કામે આંક–૪૯ થી રજુ છે જે મુજબ સદરહું ખંડનું ક્ષેત્રફળ ૬ એકર લખેલ છે.
આ તબકકે વધુ ઉલટતપાસ માટે મુદત અરજી રજુ થતા વધુ ઉલટતપાસ માટે મુલતવી.
સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૯/૧૦/૨૦૨૫

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,
( નિમિષા ગંગારામભાઈ સુરતી)

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ        પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, હળવદ
કોડ નં.જીજે. ૦૦૭૧૧